સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

કોમી ફૂટ-ફાટથી હવે ટેકનિક ખોટકાઈ છે,
નિકળી ગઈ બાજી, હાથમાંથી, યુક્તિ અટવાઈ છે
પાળેલી બિલ્લીઓ હવે કરે છે 'મ્યાંઉં' એમને જ
ઉડતા'તા આસમાનમાં હવે લીફટ ખોટવાઈ છે.
(જ્ઞાતિવાદનું ઝેર)

હાઈકુ

ખાય છે માર -
વિદેશનીતિ પણ -
થઈ શહિદ..
(પાકિસ્તાન નો દમામ)

દઇ દો દાન!
અનામત સનેપાતે -
મરતી ગાય!
(હવે પેકેજની જાહેરાતો)

ચિંતન

આતુરે વ્યસને પ્રાપ્તે દુર્ભિક્ષે શત્રુ સંકટે ।
રાજદ્વારે શ્મશાને ચ યસ્તિષ્ઠતિ સ બાંધવઃ ॥

કોઈ મોટી બિમારી આવી પડે, દુષ્કાળ કે કોઈ કુદરતી આપત્તિ આવી પડે, શત્રુઓ કે દુશ્મન-વિરોધીઓ કોઈ આપત્તિ ઉભી કરે, ત્યારે રાજયસભા-સરકાર કે કાયદાઓની અડફેટમાં, સ્મશાનમાં સ્નેહીજનના મૃત્યુ વખતે પણ જે વ્યક્તિ સાથ ન છોડે એ જ સાચું સગું ભાઈ-મિત્ર છે.

ઘણીવાર સામાજિક સમસ્યાઓ અને દુઃખો આવી પડે ત્યારે એકલો-અટૂલો માણસ ભાંગી પડે છે અને એમાં ય જયારે ઘર-પરિવારનો પણ સહારો ન મળે ત્યારે ખૂબ હતાશ થઈ જવાય છે. આવા સમયે માણસ ઈચ્છે છે કે તેને કોઈ માનસિક રીતે પણ મદદરુપ થાય અને હિંમત-આશ્વાસન આપે અને પડખે આવી ઊભો રહે ત્યારે એ મિત્ર-સ્નેહી ભાઈ ન હોવા છતાં પણ ભાઈથી અધિક પ્રિય લાગે છે.

સુવિચાર

- શિખવે તે શિક્ષણ, કેળવે તે કેળવણી - **વિનોભા ભાવે**
- જો અધ્યાપકને ભણાવવામાં એક ભીતરનો અદ્‌ભૂત આનંદનો અનુભવ પ્રાપ્ત થતો હોય તો તેના નશીબની ઈર્ષા થવી જોઈએ - **ગુણવંત શાહ**
- પરમેશ્વરનું પ્રચંડ સામર્થ્ય વાયુની મંદ લહેરીમાં છે... ઝંઝાવાતમાં નહીં - **ચંદ્રકાન્ત બક્ષી**
- જાતને છેતરે છે જે જન, કોણ રે બચાવી શકે તેને આ લોકમાં કે પરલોકમાં - **વિમલા ઠાકોર**
- જેની પાસે ઝાઝું હોય તેને કાંઈ ન સૂઝે.. જેની પાસે થોડું હોય તેને બધું જ સૂઝે.. ભગવાન સુઝાડે - **મોરારિ બાપુ**
- જીતવાનો આનંદ શું છે તે જાણવા માટે હારવાનો અનુભવ જરુરી છે... અને પ્રાપ્તિનો આનંદ જાણવા માટે ગુમાવવાનો અહેસાસ જરુરી છે - **એસ. ભટ્ટાચાર્ય**

(સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

આપણે જીવનનો સાચો 'આનંદ' માણી નથી શકતા કારણ કે આનંદની આગળ-પાછળની ક્ષણો એ આવવાનાં કારણ-સમસ્યાઓના વિશ્લેષણમાં ચિંતામાં એ 'આનંદ'ની ક્ષણને ભોગવી-માણી નથી શકતો. ઘણાં 'દાંપત્ય' આવી જ ચિંતામાં આનંદની ક્ષણનું ગળું દબાવી દેતાં હોય છે.

એક શિષ્ય 'આનંદ'ની શોધમાં હતો ત્યારે એક સાચા સંત મળી ગયા. એણે કહ્યું હું તને 'આનંદ' શું છે એ અને 'આનંદ' થવાના રહસ્યનો જવાબ આપી શકું. મારી પાસે બે ફળ છે. પહેલું ખાવાથી તને આનંદ કોને કહેવાય - એની વ્યાખ્યા-વર્ણન-પ્રાપ્ત કરવાની રીતોની સમજ આવી જશે. બીજું ફળ ખાવાથી તું જાતે જ 'આનંદ' સ્વરુપ થઈ જઈશ. આ બેમાંથી તને માત્ર એક જ ફળ આપીશ. બોલ તને કયું ફળ જોઈએ.

શિષ્યએ ખૂબ વિચાર કર્યો. પછી કહ્યું : ગુરુદેવ હું પહેલું ફળ ખાઈશ અને 'આનંદ' બાબત અથેતિ વિવરણ જાણી લઈશ.

ગુરુ કહે : મૂર્ખ, એ જાણવા કરતાં તેં 'આનંદ' જ થઈ જવાનો નિર્ણય કર્યો હોત તો - આનંદની ક્ષણ ભોગવી માણી શકતે - 'આનંદ'ને આજ સુધી કોઈ સમજી શક્યું નથી.

ચાલાક પાકિસ્તાને ભારતીય વ્યૂહરચનાકારોને ભોંઠા પાડ્યા છે

તંત્રીસ્થાનેથી....

એનએસએ બેઠક પૂર્વે ભારત-પાકિસ્તાન વચ્ચે સરજાયેલી મડાગાંઠનું પાડોશી દેશ કાશ્મીર મુદ્દે માર્કેટિંગ કરવા માટેના બહાના તરીકે રૂપાંતરણ કરવામાં સફળ થયો છે. આપણા રાષ્ટ્રીય નેતાઓ અને વ્યૂહરચનાકારો કરતાં પાકિસ્તાનીઓ વધારે ચાલાક સાબિત થયા છે. મુફ્તી સરકાર ખીણના અલગતાવાદીઓને નિયંત્રણમાં રાખી શકતી નથી. ભારતના રાષ્ટ્રધ્વજને બાળવાની કે પાકિસ્તાન અને આઈએસઆઈએસના ઝંડા લહેરાવવાની ઘટના હવે લગભગ રોજિંદી બની ગઈ છે. નેશનલ કોન્ફરન્સના શાસનકાળમાં આવી કોઈ છૂટીછવાઈ ઘટના બનતી ત્યારે ભાજપ એ મુદ્દે દેશભરમાં હોબાળો મચાવી દેતું હતું. આજની તારીખમાં એ મુફ્તી સરકારમાં પચાસ ટકા ભાગીદારી ધરાવતું હોઈ આ મુદ્દે આંખ આડા કાન કરી ચૂપ બેસી રહે છે. કોંગ્રેસે ભાજપની પાકિસ્તાન નીતિ સામે પ્રશ્નો ઉપસ્થિત કર્યા છે તે મહદંશે વાજબી લાગે છે. ભારત સરકાર વારંવાર પાકિસ્તાનની અવળચંડાઈનો ભોગ બનતી રહી છે. ગ્રહણ ટાણે સાપ કાઢતા હોય એમ પાકિસ્તાની વ્યૂહરચનાકારોએ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોની બેઠક વખતે જ કાશ્મીરનું જૂનું પુરાણું વાજું વગાડ્યું છે. એટલું ઓછું હોય એમ, અલગતાવાદી હુર્રિયતના નેતાઓ સાથે કોઈ પણ સંજોગોમાં બેઠક કરવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરીને સરતાજ અઝીઝે પાકિસ્તાનના દબંગ મિજાજનો પરચો બતાવી દીધો છે. હમણાં થોડાક વખત પહેલાં જ ભારતના વડાપ્રધાન સાથે પાક વડાપ્રધાને રશિયા ખાતે ઉફામાં મુલાકાત કરી ત્યારે બેઉ દેશોએ આતંકવાદની સમસ્યાનો સંયુક્ત રીતે મુકાબલો કરવાનો સંકલ્પ દોહરાવ્યો હતો. પરંતુ પાકિસ્તાને એની પરંપરાગત પ્રકૃતિ મુજબ કાશ્મીરના અલગતાવાદી નેતાઓને દાવત આપવાની પ્રથા ચાલુ રાખવાની જીદ પકડતાં આખરે બેઠક રદ કરવાની ફરજ પડી હતી. પાકિસ્તાને દોષનો ટોપલો ભારતના શિરે નાખી આંતરરાષ્ટ્રીય સ્તરે કાશ્મીર મુદ્દાને હવા આપવાનો હેતુ પાર પાડ્યો છે. ભારતીય વિદેશનીતિના વ્યૂહરચનાકારોએ શરૂથી જ પાકિસ્તાનની આ ચાલ સમજી લેવાની જરૂર હતી. પાકિસ્તાને સીઝ ફાયરનો સતત ભંગ કરે રાખ્યો અને સરહદ પર છમકલાં ચાલુ રાખ્યાં છતાં ભારતે ઉદારતાપૂર્વક એનએસએ સ્તરની બેઠક ચાલુ રાખવાનું વલણ દાખવીને વ્યૂહાત્મક ભૂલ કરી હોવાનું તારણ જ કાઢી શકાય એમ છે. આછોમાં પુરું દેશદ્રોહી-અલગતાવાદી મસરત આલમની ધરપકડને જમ્મુ-કાશ્મીર હાઈકોર્ટે રદ ઠેરવતાં સરકાર મૂંઝવણમાં મુકાઈ છે. મુફ્તી સરકારે અલગતાવાદી નેતાઓને પાક હાઈ કમિશનરનું નોતરું મળતાં જ કેન્દ્રના ઈશારે અટકમાં લીધા અને પછી થોડા જ સમય બાદ છોડી દીધા એમાં પણ સરકારની અવઢવ જ દૃષ્ટિગોચર થાય છે. કાશ્મીરનો પ્રશ્ન અમારે મન પ્રાણપ્રશ્ન છે અને અમે એ મુદ્દે ક્યારેય પીછેહઠ નહીં કરી શકીએ એવા સ્પષ્ટ અભિગમ પછી, અને પાકિસ્તાને જે અણુબોમ્બ બનાવેલ છે તે ખાલી મ્યુઝિયમમાં રાખી મૂકવા માટે નથી બનાવ્યો, એવી સ્પષ્ટ ધમકી પછી ભારતે પાકિસ્તાન સાથે સંબંધો સુધારવાની દિશામાં પહેલ કરવાની શી જરૂર હતી ? એક પછી એક જે કંઈ ઘટનાક્રમ બનતો રહ્યો છે એમાં ભારતને જાણે પાકિસ્તાન સાથે સમાદાન કરી લેવાની એક તરફી ગરજ હોય એવી છાપ નથી ઊભી થતી ?

પોતાના પુત્રની ડેડ બૉડી જુએ છે ત્યારે 'મોહન-માયા' પોતાના પુત્ર તરફ જોતાં, પુત્ર 'આવજો' કહેતો હોય તેવો ભાસ થાય છે

વાર્તા રે વાર્તા

નિરંજન ઓઝા

ભાવનગર જીલ્લાના શિહોર તાલુકામાં મોહન તેની પત્ની માયા તથા પુત્ર ટપુ સાથે રહે છે. ટપુ દસમાં ધોરણમાં અભ્યાસ કરી રહ્યો છે. જયારે માયા ઘરકામમાં વ્યસ્ત રહે છે. ઓછા ભણતરને લીધે મોહન શિહોરમાં આવેલ એક દવાની ફેકટરીની ઓફિસમાં કારકુન તરીકે છેલ્લાં વીસ વરસથી સેવા કરી રહ્યો છે. સ્કૂલ નજીક હોવાથી ટપુને સવારે મુકવા મોહન જાય છે જયારે સાંજના સ્કૂલ છૂટે ત્યારે માયાને લેવા જવાનું રહે છે. આમ નિત્ય કાર્યક્રમ છે.

મિલનસાર સ્વભાવ તથા સેવાની ભાવનાને વરેલો મોહનનો બાળપણનો મિત્ર હેમંત ઘણાં જ સમયથી બિમાર રહે છે, ગામના ડૉકટરની દવા ઘણાં સમય સુધી લેવામાં આવી, પરંતુ ફેર ન લાગતાં, ભાવનગર શહેરના મોટા ડૉકટરની દવાની શરુઆત કરતાં, ફોટો, એક્સ-રે વિગેરે લેવામાં આવ્યા પછી, ડૉકટર સાહેબે મહારોગ હોવાથી, અમદાવાદ, રાજકોટ, વડોદરા લઈ જવાનું સૂચન કર્યું, મોહન પોતાના મિત્ર હેમંતને લઈને રાજકોટ આવે છે, જયાં હોસ્પિટલમાં એકાદ દિવસ રહ્યા પછી, ઓપરેશન કરવાનું નક્કી થાય છે. આ બાજુ ટપુને સ્કૂલ મુકવા તથા લેઈ આવવાની જવાબદારી હવે માયા ઉપર આવે છે. માયાને પહેલે દિવસે મુશ્કેલી પડતી નથી પરંતુ બીજે દિવસે સવારે ઉઠતાંની સાથે જીણો તાવ, શરીરમાં દુઃખાવો તેમજ ચક્કર આવવાની તકલીફ થતાં, ઉઠવામાં માયાને મોડું થાય છે. પરંતુ ટપુને માટે થોડીક રસોઈ તથા નાસ્તાની તૈયારી કરી, ફરીથી આરામ કરે છે.

ટપુને સ્કૂલે મુકી આવ્યા પછી, ફરીથી આરામ કરે છે, પરંતુ શરીરના દુખાવાને લીધે, ટપુને લઈ આવવા માટે સમય કયારે થઈ ગયો તેની ખબર રહી નહીં. ઝટપટ તૈયાર થઈ, માયા ટપુને લેવા જાય છે. સ્કૂલ છૂટ્યા પછી, બધાં જ વિદ્યાર્થીઓ પોતપોતાના ઘર તરફ જવા લાગે છે, સ્કૂલના મેદાનમાં કોઈ રહ્યું નહીં તેથી ટપુ કયાં ગયો હશે તેની ચિંતા થવા લાગી, આકુળ-વ્યાકુળ થયેલ માયા, આજુબાજુ જોવા લાગી અને દૂર મિત્રો સાથે રમતાં ટપુને જોયા પછી મનમાં થોડી ટાઢક થઈ. ટપુ મેદાનમાં ઘણો દૂર રમતો હતો તેથી ઈશારા તથા હાથ હલાવી, બોલાવા લાગી પરંતુ ટપુનું ધ્યાન ગયું નહિ. ટપુ જયાં રમતો હતો ત્યાં મહાપરાણે માયા પહોંચી બહું જ મોડું થયું છે તેથી રમવાનું બંધ કરવાનું ટપુને કહેતા, ફક્ત પાંચ જ મિનિટમાં આવું છું તેમ ટપુએ કહ્યું, પાંચ મિનિટને બદલે પંદર મિનિટ થયા પછી પણ ટપુ આવ્યો નહિ, તેથી ગુસ્સામાં ને ગુસ્સામાં કહ્યું કે, 'હું જાઉં છું તું મારી મેળે આવી જ જે.' ટપુને પોતાની મમ્મીને આ મશકરી છે તેમ લાગતાં, કશું બોલ્યા સિવાય રમતમાં ધ્યાન આપે છે. હવે ત્રાસી ગયેલ તથા અશક્ત થયેલ માયા ટપુને લીધા સિવાય ઘરે પાછી ફરે છે.

ટપુ તેની મમ્મીને જતાં જોઈ જ રહ્યો. રમત પુરી થઈ, મિત્રો વિખરાવવા લાગ્યા, તેને લીફટ આપવા કોઈ રહ્યું નહિ, તેથી ટપુ ગભરાઈ ગયો. જયારે આ તરફ થાકેલી, અશક્ત માયા, ઘરે આવ્યા પછી આરામ કરવા સૂઈ ગઈ. ટપુ થોડીવારમાં આવશે પછી ઉઠવાનું મનોમન નક્કી કરે છે. લગભગ એકાદ કલાક જેટલો સમય થવા છતાં ટપુ આવ્યો નહિ તેથી ચિંતા થવા લાગી, પરંતુ તે દરમિયાન ડૉરબેલ વાગે છે. માયાને એમ કે ટપુ આવ્યો હશે તેથી મોડા આવવા બદલ ધમકાવી નાખવાનું વિચારે છે. પરંતુ બારણું ખોલતાં સ્કૂલનો પટ્ટાવાળો દેખાયો. હાફતાં હાફતાં કહેવા લાગ્યો કે સ્કૂલ છૂટ્યા પછી હું ઘરે પાછો ફરતો હતો, ત્યાં સ્કૂલેથી થોડે દૂર, લોકોનું ટોળું જોયું, હું ત્યાં ગયો અને મેં ટપુભાઈને જોયા, પુછતાં જાણ થઈ કે ભેગા થયેલાં લોકોમાંથી કોઈએ ૧૦૮ બોલાવીને, હોસ્પિટલ લઈ ગયા છે. તેથી તમે જલ્દીથી ત્યાં પહોંચો તે કહેવા જ હું આવ્યો છું.

આ સાંભળી બિમાર, અશક્ત માયામાં કુદરતી શક્તી આવી ગઈ. આજુબાજુના પાડોશીઓને ભેગાં કર્યા, તેમને ટપુની જાણ કરી, બે-ત્રણ પાડોશીઓ સાથે માયા હોસ્પિટલ પહોંચી. આ તરફ રાજકોટથી મોહનનો ફોન આવ્યો. માયાની ગેરહાજરીમાં પાડોશીઓમાંથી કોઈએ ફોન લીધો અને ટપુને થોડું વાગ્યું છે તેથી જલ્દીથી ઘરે આવવા જણાવ્યું; તેનાં પ્રત્યુત્તરમાં મોહને કહ્યું કે, મારા મિત્રનું આજે ઓપરેશન હતું, ઓપરેશન સારી રીતે થઈ ગયું હતું પરંતુ બે કલાક ફચી તબિયત બગડતાં, મારા મિત્રનું અવસાન થયું છે તેથી તેની ડેડ બૉડી સાથે અમે પાછા ફરીએ છીએ તેમ માયાને જણાવજો.

ચારેક કલાક પછી મોહન પાછો ફરે છે. પોતાના મિત્રની ડેડ બૉડી, સ્વજનોને સોંપ્યા પછી પોતાના ઘરે આવતાં લોકોને ઊભેલાં જુએ છે તેને કશુંક અઘટીત થયું હોય તેમ મનોમન લાગે છે. ઘરે આવતાં, પોતાના પુત્રની ડેડ બૉડી જુએ છે ત્યારે 'મોહન-માયા' પોતાના પુત્ર તરફ જોતાં, પુત્ર 'આવજો' કહેતો હોય તેવો ભાસ થાય છે.

પાટીદાર અનામત : શક્તિપ્રદર્શન... સંવિધાન અને સરકાર...!!!



રજળપાટ

અજય ઉપાધ્યાય

આજથી બે દિવસ પછી પાટીદારોની એક વિશાળ રેલી અમદાવાદમાં અનામતની બુલંદ માંગ સાથે યોજાઈ રહી હશે જે કોઈ સચોટ ઉકેલ નહિ આવે તો છેલ્લી રેલી નહિ હોય. ફક્ત ગુજરાત કે ભારત જ નહિ પણ ઓબામાંના અમેરિકાથી લઈને દુનિયાના અનેક દેશો પટેલ પાવર વિષે સુપેરે જાણે છે અને પટેલોના સંગઠનની તાકાત વિષે જાણે જ છે એટલે અનામતની આ માંગનો કોઈ સચોટ અને સ્વીકાર્ય ઉકેલ શોધવો ગુજરાત સરકાર માટે અનિવાર્ય મુસદ્દો હશે જ એમાં બે મત નથી. અનામતની તરફેણમાં અને વિરુદ્ધમાં એમ બંને બાજુ સરકાર અને પાટીદારો બંને તરફથી જુદી જુદી દલીલો આવી રહી છે. વોટ્સઅપ અને ફેસબુક અનામતની બુલંદ અને જુસ્સાભેર ઓડિયો, વિડીયો અને ફોટાઓથી ફાટફાટ ઉભરાઈ રહ્યું છે. સારું છે, લોકશાહીમાં અન્યાય સામે અવાજ ઉઠાવવો કે માંગણીઓ માટે સરકારોનું ધ્યાન દોરવા શાંતિપૂર્ણ રીતે જે થઈ શકે એ કરવાની છૂટ છે અને અત્યાર સુધીના પાટીદારોના શક્તિ પ્રદર્શનો શાંતિપૂર્ણ રહ્યા છે એ નોંધનીય છે.

પણ તોતેર મણનો સવાલ એ છે કે ક્યાં સુધી આ જવાળામુખી દબાયેલો રહેશે? પાટીદારો સમજુ પ્રજા છે એમાં કોઈ બેમત નથી પણ આંદોલન ધીરેધીરે સમજુ લોકોના હાથમાંથી સરકી જાય એ દિવસો દુર નથી. એ પહેલા અનામતની આ આગને ઠંડી પાડવી જરૂરી છે.આંદોલનનો મૂળ અને એકમાત્ર મુદ્દો આર્થિક અને શૈક્ષણિક રીતે પાછળ રહેલા પાટીદારોને પણ નોકરી કે શિક્ષણમાં અનામત જેવા જ કે અનામતના જ લાભ મળે એ જ છે.પાટીદારોનું કહેવું છે કે સમગ્ર પાટીદારો એટલા સધ્ધર નથી જેટલા ગણાવાય રહ્યા છે. દિવસે દિવસે નોકરી કે શિક્ષણ માટેની પરીશ્થીતી વિકટ અને ખર્ચાળ અને તકો ઓછી થતી જાય છે જો કે આ મુશ્કેલી બધી જ્ઞાતિ માટે સરખી જ છે. બાવડાના બળે અને સમાજના સહકારથી આગળ આવેલા પાટીદારોની સંખ્યા કરતા બે કે પાંચ વીઘા જમીનમાં કુદરતની કૃપા પર નિર્ભર રહીને ગુજરાન ચલાવતા પાટીદાર પરિવારોની સંખ્યા વધુ છે. જે કોઈ પણ પટેલો સધ્ધર કે સમૃદ્ધ છે એમાં જ્ઞાતિનો સહકાર, જાતિગત સાહસિકતા અને કઠોર મહેનતનો ફાળો છે, પણ એ સિવાયનો એક મોટો વર્ગ આ વિષમ પરીશ્થીતીને પહોચી વળવા સક્ષમ નથી.

અનેકો વખત છેલ્લા બે મહિનામાં કહેવાય ચુક્યું છે એ મુજબ અને સુપ્રીમ કોર્ટના હુકમ કે અનામત ૫૦ % થી વધવી ના જોઈએ એ હિસાબે અલગ અનામત શક્ય નથી અને આ વાત સરકાર વારંવાર કહી રહી છે. જો કે એના વિરોધમાં પણ વિવિધ રાજયોમાં ૫૦ % થી વધુ અનામતોના દાખલાઓ અપાઈ રહ્યા છે હવે રહી વાત ઓબીસીમાં સમાવેશની તો એના માટે એક કાનૂની પ્રક્રિયા છે જેને ફોલો કરવી જરૂરી છે. એ માટે ઓબીસી પંચો સમક્ષ અરજીઓ કરવી પડે ને ઓબીસી હોવાના પુરાવાથી લઈને સર્વે ને એવી બધી વૈતરણી પાર કરવી પડે જેની આ અગાઉ ૧૯૯૨માં એકવાર નિષ્ફળ કોશિશ થઈ ચુકી છે. હવે ફરીથી ૨૦૧૫માં એ આખી પ્રક્રિયા કરવી પડે. સમાચાર મુજબ પાટીદારો એના માટે પણ તૈયાર છે. રેલીઓ કાઢવાથી કે આવેદનપત્રો આપવાથી ફક્ત સરકાર પર દબાણ આવી શકે પણ આખી પ્રક્રિયા પૂરી કરવા માટે બધું જ એક બાજુ મુકીને સરકાર સાથે એક ટેબલે બેસીને ચર્ચા કરવી પડે કેમકે અંતે તો મામલો સરકાર,પંચ કે સુપ્રીમ કોર્ટ પર જ નિર્ભર રહેવાનો છે.સ્વયંભુ શરુ થયેલા આ આંદોલન પર જો રાજકીય રંગ ચડશે તો કોકડું વધુ ગુચવાઈ શકે છે અને ઉકેલ આવવાની શક્યતાઓ લંબાઈ શકે છે.

પાટીદારોની પાછળ પાછળ બ્રાહ્મણ, રાજપૂત અને બીજી જ્ઞાતિઓએ પણ અનામતનો બુંગીયો ફુકીને સરકારને ઘેરી છે જો કે પટેલો જેટલું બીજી જ્ઞાતિઓનું સંગઠન મજબુત ના હોય શકે પણ સરકારને એક ભય એ પણ સતાવી રહ્યો હોય શકે કે એક માંગણી મંજુર કરવા જતા બીજા લોકો નારાઝ તો નહિ થઈ જાય ને? અથવા બીજી આવી જ માંગો પણ સ્વીકારવી પડે તો? તો સામે છેડે ઓલરેડી ઓબીસીમાં સમાવેશ જ્ઞાતિઓએ પણ વિરોધ નોંધાવી દીધો છે. આ અગાઉ અનામતના નામે વર્ગવિગ્રહો સર્જાઈ ચુક્યા છે અને આમા પણ એ જ ખતરો તોળાઈ રહ્યો છે. સરકાર માટે આગે કુઆ પીછે ખાઈ જેવી સ્થિતિ છે. પાટીદારોની આટલી તગડી અને મજબુત વોટબેંકને ગુમાવવી તો કોઈ સરકારને પાલવે નહિ જ એટલે વાત વણસતી અટકાવવા વિવિધ ઓફરો કરવામાં આવી રહી છે જેમાં વિશેષ પેકેજ નિગમ થી લઈને અંતે ઓબીસી પંચવાળી વાત પણ છે.

> ***શિક્ષણ કે નોકરીમાં અનામત હોવી એ ખરેખર તો વ્યવસ્થાની ખામી જ ગણાય, શિક્ષણ અને નોકરી જેવા ક્ષેત્રોમાં બધાંને સરખી અને સમાન તક હોવી જ જોઈએ***

આઝાદીના ૬ દાયકા પછી પણ અનામતથી કોને અને કેટલો ફાયદો થયો એ વિવાદ અને આંકડાઓનો વિષય હોય શકે પણ આજે જયારે ભારત મહાસત્તા બનવા જઈ રહ્યો છે ત્યારે શિક્ષણ કે નોકરીમાં અનામત હોવી એ ખરેખર તો વ્યવસ્થાની ખામી જ ગણાય. શિક્ષણ અને નોકરી જેવા ક્ષેત્રોમાં બધાને સરખી અને સમાન તક હોવી જ જોઈએ. આર્થિક કે સામાજિક રીતે પછાત હોય એને મદદ કરવી કે એના ઉત્થાન માટે સરકારી યોજનાઓ અમલમાં મુકવી જરૂરી છે પણ આજના વિકસીત યુગમાં શિક્ષણ અને નોકરી જેવા ક્ષેત્રોમાં તો પ્રતિભાને જ પ્રણામ થવા જોઈએ. અને વિશ્વના બહુધા દેશોમાં આ જ સીસ્ટમ છે એવા સમયે જો શિક્ષણ અને નોકરીના ક્ષેત્રોમાં અનામત સમ્પૂર્ણ નાબુદ નાં થઈ શકતી હોય તો કોઈ પણ કોમના શૈક્ષણિક કે આર્થિક પછાતપણાને નાબુદ કરવા માટે પણ અનામત નહિ તો અનામત સમકક્ષ લાભો કમ સે કમ આ બે ક્ષેત્રોમાં મળી રહે એવી વ્યવસ્થા ગોઠવવી સમયની માંગ છે, અને તો જ સંવિધાનિક દ્રષ્ટીએ પણ સર્વને સમાન તકનો સિધ્ધાંત બરાબર અમલ પામ્યો એમ કહી શકાય. હવે જોવાનું એ રહે છે કે સમાજ, સંવિધાન અને શક્તિપ્રદર્શનો વચ્ચેથી શું અને કેવો રસ્તો નીકળે છે?

- akurjt@gmail.com

ખરેખર આપણે કેટલા દુઃખી છીએ?

મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

આમ જોઈએ તો આપણે કદી એવું વિચારતા જ નથી કે આપણે ખરેખર અત્યારે કેટલા સુખી છીએ કે કેટલા દુઃખી? સુખ અને દુઃખ એ મનની ભાવના છે. કોઈપણ એક જ પરિસ્થિતિને નહી સમજવાથી દુઃખ ઉત્પન્ન થાય છે અને સમજવાથી સુખ આમ છતાંય આપણે મોટેભાગે દુઃખી થતા હોઈએ છીએ. ખરેખર તો આપણને સાચા દુઃખની ખબર જ નથી... દુઃખને આપણે બહું જ સસ્તું બનાવી દીધું છે.. વાત વાતમાં આપણે કહીએ છીએ કે હું ખુબ જ દુઃખી છું સાચું દુઃખ જોવું હોય તો ક્યારેક કોઈ વૃધ્ધાશ્રમમાં, અનાથાશ્રમમાં, નારીકેન્દ્રોમાં, હોસ્પિટલોમાં જવું જોઈએ.... જે વૃદ્ધોને દીકરા હોવા છતાય એકલા કે વૃદ્ધાશ્રમમાં રહેવું પડે કે અનાથાશ્રમમાં રહેતા અનાથ બાળકોને જોઈએ ત્યારે કે હોસ્પિટલમાં ગંભીર રોગ લઈને બિછાને પડેલા દર્દીની જિજીવિષા જોઈએ ત્યારે લાગશે કે આપણે તો ઘણા જ સુખી છીએ....

દુઃખની અનુભૂતિ આપણને બે રીતે થતી હોય છે. બાહ્ય અને આંતરિક, બાહ્ય દુઃખ શરીર સાથે અને આંતરિક મન સાથે જોડાઈને આપણને તકલીફ આપે છે. જો કે આમાંથી એકેય પ્રકાર આપણને ગમતો નથી. આપણે સ્વીકારી શકતા નથી પણ જેમ દરેક સિક્કાને બે બાજુઓ હોય છે તેમ આપણા જીવનના આ મુખ્ય ભાવને પણ બે બાજુઓ છે. દુઃખ અને સુખ. અને આપણે સૌ જાણીએ છીએ કે આ બન્ને ભાવ જીવનમાં જરૂરી છે. ખરેખર તો સુખ દુઃખની લાગણીનો અનુભવ એ આપણા માટે એક વરદાન છે. કેમ કે આપણે સૌ જાણીએ છીએ કે પ્રાણીઓ, પક્ષીઓ કે માનવ સિવાયના અન્ય કોઈ જીવો હસી શકતા નથી. અને દુઃખને વ્યક્ત કરી શકતા નથી. જયારે આપણે એ બન્ને કરી શકીએ છીએ.

આમ જોઈએ તો દુઃખની પણ આપણા જીવનમાં કેટલીયે પોઝિટીવ અસર પડે છે. સૌથી મોટી અસર તો એ છે કે આપણને દુઃખ પડે ત્યારે આપણા અંદરની સંવેદના જીવિત થાય છે. આપણી આંખોમાં જે થીજી ગયેલા આંસુઓનું સરોવર છે એમાં વમળો પેદા થાય છે. જે આપણી આંખ સુધી ભીનાશ લઈ આવે છે. અને ક્યારેક આંસુ રૂપે બહાર પણ આવે છે. આપણા હૃદયમાં ઈશ્વરે કેટલીક એવી ગ્રંથીઓ ગૂંથી છે કે એનો પણ ઉપયોગ થવો જરૂરી છે. પરંતુ ઘણાના નસીબમાં આ દુઃખની સુખદ અનુભૂતિ નથી હોતી. જો કે આજકાલ લગભગ આપણે બધા જ દુઃખી છીએ એવું માનીને સુખની શોધમાં ફરતા હોઈએ છીએ. અને જેમ જેમ સુખની પાછળ ભાગીએ છીએ તેમ તેમ વધુ ને વધુ દુઃખી થતા જઈએ છીએ. પરંતુ સાચા દુઃખની અનુભૂતિ તો આપણે ભાગ્યે જ કરી શકીએ છીએ.

ગાંધીનગરમાં મારો એક મિત્ર છે જેના લગભગ ૧૫ વર્ષ પહેલા લગ્ન થયેલા અને એ વખતે બે મહિનામાં જ છૂટાછેડા સુધી વાત પહોંચેલી... મિત્રના બધા જ સગા વહાલા સમજાવીને થાકેલા કોઈનું માને નહી અને છોકરી એમના સગાની જ હતી (ઘણી જ્ઞાતીમાં લગ્ન સગામાં થાય છે) તેથી ઘણાબધા સંબંધો બગડે એમ હતું... કોઈએ કહ્યું કે 'કનૈયાલાલ' ને કહો એ સમજાવી શકશે, અને એ મિત્રને મે આખી રાત સમજાવી, બીજે દિવશે હું ને તે મિત્ર એની પત્નીને ઘેર લઈ આવ્યા... બધા જ ખુશ ખુશ... મારે જે કહેવું છે એ વાત હવે શરું થાય છે... એ મિત્રને દસ વર્ષનો એક દીકરો છે જે ચોથા ધોરણમાં અભ્યાસ કરે છે આ દીકરાને 'થેલેસેમિયા'નો રોગ જન્મથી છે... દર બે મહિને આખા શરીરમાં લોહી નવું નાખવાનું... કેમ કે એના શરીરમાં નવું લોહી બનતું જ નથી... અને આ રોગનો હાલ કોઈ ઈલાજ નથી... ઓપરેશન થાય છે ૧૫/૨૦ લાખમાં પણ સફળ થવાની કોઈ ગેરંટી નથી. હવે વિચારો કે આ મિત્રનો દસ વર્ષનો દીકરો... એને દર બે મહિને નવું લોહી શરીરમાં નાખવાની ક્રિયામાંથી પસાર થવાનું... એ બાપની માની કેવી વેદના હશે...? અને છોકરાની પીડાનું તો પૂછવું જ શું? આ દીકરો જયારે મોટો થશે એને ખબર પડશે કે પોતાને થેલેસેમિયા રોગ છે ત્યારે એની માનસિક મનોવ્યથા કેવી હશે? દોસ્તો વિચારો... આખી જિંદગી દર બે મહિને B ગ્રુપનું લોહી અત્યારે બે બાટલા અને જેમ જેમ મોટો થશે તેમ તેમ વધારે ચડાવવાનું... આવું આપણા દીકરા સંદર્ભે વિચારતા જ ધ્રૂજી જવાય છે.. કહેવાય છે કે બાળક તો ઈશ્વરનો અંશ છે તો ઈશ્વરે પણ આ પીડામાંથી પસાર થવું પડે છે, અને આપણે નાની નાની વાતમાં દુઃખી થઈને મહામૂલ્ય સમયને બરબાદ કરીએ છીએ... આ મિત્ર એ જતા જતા મને કહેલું કનૈયાલાલ પંદર વર્ષ પહેલા તમે મને ના સમજાવ્યો હોત તો આજે હું આ દુઃખ... પણ પછી તે મિત્ર એ જ કહ્યું કે, ના હો... આ દીકરો બીજા કોઈ ઘેર જન્મ્યો હોત અને તે ઘરમાં તેને આવી સારવારના મળી હોત.. તો? એટલે ઈશ્વરે આ દીકરાને મારે ઘેર મોકલ્યો છે 'ત્યારે મારી બન્ને આંખો આંસુઓથી છલકાઈ ગયેલી. આખો દિવસ મન ઉદાસ રહેલું...' આપણે ઈશ્વરને સાચા હૃદયથી પ્રાર્થના કરવી જોઈએ કે 'પ્રભુ, આ બાળકને આ રોગ માંથી જલદી મુક્ત કરે,

આપણે સાવ નાની નાની વાતમાં એકદમ દુઃખી થઈ જઈએ છીએ. આવા મોટા દુઃખો તો આપણે હજી જોયા જ નથી જેને એક હાથ કે એક પગ નથી, જેઓ બન્ને આંખે જોઈ શકતા નથી, જેઓ અપંગ છે, જેઓને રહેવા ઘર નથી, સાંજે જમવાનું મળશે કે નહી તેની ખબર નથી. પહેરવા કપડાં નથી. જેઓ બધુ જ ગુમાવી બેઠા છે. આ બધા માણસોના દુઃખ વિશે આપણે ક્યારેય વિચાર્યું છે ખરું? દિલ્હી જેવા મહાનગરમાં જઈને જોઈએ તો ખબર પડે કે માત્ર ૧૦/૨૦ રૂપિયા કમાવા માટે પેડલ રીક્ષા ચલાવતો એક મજુર માણસ ત્રણ-ત્રણ ચાર-ચાર ભારેખમ માણસોને ખેંચી જતો હોય છે